

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કરે છે કામ નક્કર, યોગી ભારે પડશે!*
*લે બે ફિક્કર ટક્કર, યોગી ભારે પડશે!*
*સૌમ્ય થૈ, થાય કટ્ટર, યોગી ભારે પડશે!*
*હિંદુત્વનું ચાલ્યું ચક્કર, યોગી ભારે પડશે!*

### હાઈકુ

*માત્ર ડણકે*
*કામ થાય ફડકે -*
*ગુંડા ભડકે...*
*(સત્યનો પ્રભાવ)*

*લાગે છણકો!*
*વચન પાલનમાં -*
*સત્ય રણકો...*
*(અમલીકરણ)*

### ચિંતન

*ગતે શોકો ન કર્તવ્યો ભવિષ્યં નવ ચિન્તયેત્ ।*
*વર્તમાને ન કાલેન વર્તયન્તિ વિચક્ષણા ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

ગયેલાનો શોક ન કરવો અને ભવિષ્યનો વિચાર ન કરવો જોઈએ. બુદ્ધિશાળી મનુષ્ય તો વર્તમાનકાળમાં જ જીવે છે.

હાથમાં પડેલ કાચનું વાસણ ફૂટી જાય કે દૂધની તપેલી છટકી જાય એનો અફસોસ કરવો નકામો જ છે જે વસ્તુ થઈ ગઈ છે તેનો શોક કરી બેસી રહેવાનો અર્થ નથી.

માતા-પિતાની સેવા ન કરી શક્યો એ દુઃખે રડી રડી બેસી રહેવાને બદલે કોઈ વૃદ્ધ અનાથની સેવા શરુ કરી દ્યો. ગઈકાલના દુઃખે દુઃખી થવા કરતાં અને આવનારા દુઃખની કલ્પનામાં દુઃખી થવા કરતાં આજની - અત્યારની આ 'ક્ષણ'ને આનંદથી માણી લ્યો - એ જ સાચું જીવન છે. એ જ સાચો જીવનાનંદ છે.

### સુવિચાર

- દુઃખ વિના સુખ નથી, એમ સમજી ને દુઃખ વેઠવું એ સારામાં સારો રસ્તો છે - **જનકલ્યાણ**
- તમારામાં જે ઝનૂન હોય તેને ન્યાયને રસ્તે લડતાં વાપરવું, તમારી એ શક્તિનો દુરુપયોગ ન કરવો - **સરદાર પટેલ**
- પ્રજાની ઉન્નતિનો આધાર તેની હિંમત, તેના ચારિત્ર્ય અને તેની ભોગ આપવાની શક્તિ ઉપર રહેલો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનામાં માણસાઈ હોય તે કદી માણસથી ડરતો નથી - **સંત રોબિન**
- સફળતા અહંકારી માણસોનેય મળી જાય છે પણ અહંકારી માણસો કરતાં સાહજિક માણસોની સફળતા લાંબો સમય ટકે છે - **જહોન સેમ્યુઅલ**
- અપૂર્ણ કાર્ય જેટલું થકવી નાખનાર બીજું કંઈ જ નથી - **અમૃત બિંદુ**
- આજનું ઔષધ : તલના તેલમાં હીંગ, સૂંઠ નાખી નવશેકું ગરમ કરી માલીશ કરવાથી સાંધાના દુઃખાવામાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ વિદ્યાર્થીઓ પુસ્તકપ્રેમ, વાંચનાલયમાં જવું અપવાદ થઈ ગયાં. પાઠ્યપુસ્તકમાં પણ શોર્ટકટ - ગાઈડ કે 'બે દિવસમાં' મળે મૂળ પુસ્તક પણ વાંચતા નથી.

વૈજ્ઞાનિક મેઘનાદ સહા કલકત્તામાં રહેતા. મહોલ્લાના કેટલાક કિશોરો સરસ્વતી પૂજા માટે ફાળો એકઠો કરી રહ્યા હતા. વૈજ્ઞાનિકે કિશોરોને પૂછ્યું, 'તમે સરસ્વતી પૂજા કેવી રીતે કરશો?' કિશોરોએ કહ્યું, 'અમે કલાની દેવી મા સરસ્વતીની એક મોટી મૂર્તિ બનાવી છે. બ્રાહ્મણોને બોલાવી વૈદિક મંત્રો ભણીને સરસ પૂજા કરાવીશું, સંગીત નો જલસો કરીશું, આવું ઘણું કરવાનું છે જેના માટે ફાળો કરવા આપની પાસે આવ્યા છીએ.'

મેઘનાદે કહ્યું, 'આમ કંઈ સરસ્વતીની પૂજા ના થાય... આવો મારી સાથે મારા ઘરમાં બીજા માળે હું તમને સરસ્વતી પૂજા કેમ કરાય તે બતાવું...'

મેઘનાદે તેમને બીજા માળનો વિશાળ ઓરડો બતાવ્યો. મોટા ભાગના પુસ્તકો વિજ્ઞાનને લગતા હતા. તદ્ઉપરાંત ધર્મ, તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર એવા ઘણા વિષયોને લગતા પુસ્તકો હતા. પેલા કિશોરો તો આવી સુંદર સુવ્યવસ્થિત લાઈબ્રેરી જોઈને આશ્ચર્યચક્તિ થઈ ગયા. મેઘનાદ સહાએ કિશોરોને કહ્યું, દોસ્તો, આપણે મહેનત લઈને અભ્યાસ કરીએ તે જ સાચી સરસ્વતી પૂજા છે. બાકી મૂર્તિઓ શણગારવાથી કે જલસો કરવાથી પૂજા થતી નથી.'


ઈતરવાચન એ જ સાચું સરસ્વતી પૂજન છે.

# વહેલી ચૂંટણીનાં પડઘમ

**તંત્રીસ્થાનેથી...**

વહેલો વરસાદ આવશે કે ચૂંટણી? વરસાદ પર વડાપ્રધાનનું કે ચૂંટણીપંચનું નિયંત્રણ નથી પણ ચૂંટણી તો એ ગમે ત્યારે લાવી શકે એમ છે. જૂનની પંદરમીથી ગુજરાતમાં ચોમાસું બેસી જતું હોય છે એટલે એ પહેલાં જો ચૂંટણી કરી શકાતી હોય તો જુદી વાત છે, નહીંતર રૂપાણી સરકારને ટર્મ પૂરી કરવાની તક મળશે અને ડિસેમ્બરમાં ચૂંટણઈ યોજાશે. પરંપરાને વળગી જ રહેવાનું જરૂરી નથી, એટલે શાસનકર્તા પક્ષને ગુજરાતમાં ઉત્તરપ્રદેશનાં પરિણામોનો રોકડો લાભ ઉઠાવવો હોય તો તે વહેલી ચૂંટણી યોજીને ગુજરાતનો ગઢ જીતી લેવાનું પસંદ કરે તે બનવાજોગ છે. એ દિશામાં ચક્રો ગતિમાન થયાનું અનુમાન વિવિધ પ્રકારની રાજકીય હલચલથી બાંધી શકાય એમ છે. બે વરિષ્ઠ મંત્રીઓને તાબડતોબ દિલ્હીનું તેડું અથવા રાષ્ટ્રીય શાસક પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિધાનસભામાં હાજરી પ્રસંગે અને સરકારી લોક કલ્યાણ યોજનાઓની જાહેરાતની તૈયારી સૂચક છે. ભારતીય જનતા પાર્ટી માટે ગુજરાત સાચવી રાખવું અત્યંત જરૂરી છે. વડાપ્રધાન અને રાષ્ટ્રીય અધ્યક્ષ માટે એ નાકનો સવાલ છે. ઉત્તરપ્રદેશની વિક્રમજનક વિજયકૂચ પછી જો ભાજપનો અશ્વમેધનો ઘોડો એમના ગૃહ રાજયમાં ખોટકાઈ પડે તો આબરૂના ધજાગરા જ ઊડે. આ વાત વિપક્ષો પણ જાણ છે અને આ મુદ્દે ગુજરાતના પ્રજાજનો-મતદારો પણ વાકેફ છે. ગુજરાત છેલ્લાં બે'ક વરસથી વિવિધ આંદોલનું સાક્ષી રહ્યું છે. તમામ આંદોલનો સરકાર માટે ચિંતાનો વિષય રહ્યા છે અને ઘણાં વર્ષોથી એક જ પાર્ટી સરકાર સામે સ્વાભાવિક રીતે એન્ટિ ઈન્કમ્બન્સી ફૅક્ટર પણ કાર્યરત બને. આથી કોંગ્રેસને પુનરાગમન માટેની તક પણ ખરી. 'કોંગ્રેસ આવે છે.' એવા પ્રચાર પાટિયાં ગુજરાતમાં ઠેર ઠેર લાગી ગયાં છે. કોંગ્રેસ પ્રત્યે સદ્ભાવ ધરાવતો વિશાળ જનસમુદાય ગુજરાતમાં વસે છે. ખાટલે ખોડ હોય તો તે છે જૂથબંધીની અને સરખા ચૂંટણી આયોજનની. જૂથબંધી ભાજપમાં પણ હોઈ શકે છે, પંરતુ એમાં હાઈ કમાંડ મજબૂત છે. મોદીનું નામ હુકમનો એક્કો છે અને અમિત શાહનું ચૂંટણી આયોજન કાબિલેદાદ. આથી ભાજપમાં જૂથબંધી હોય તો પણ એ સપાટી પર નથી આવવાની, તે નક્કી. વળી એની પાસે હવે તો, સંઘના કાર્યકર્તાઓ ઉપરાંત હિંદુત્વના પ્રતીક પુરુષ બની રહેલા ઉત્તરપ્રદેશના યુવા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જેવા સ્ટાર પ્રચારકો છે. વિશ્વ હિંદુ પરિષદના સર્વોચ્ચ નેતા ડૉ. પ્રવીણ તોગડિયાએ અમદાવાદમાં કહેલ હુંકાર પછી વાતાવરણને કેસરિયા રંગે રંગવાનું અઘરું નહીં રહે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૌવધની કડક સજાની જોગવાઈ કરાવી ફરી એક વાર ઉત્તરપ્રદેશની તરેહ પર ગુજરાતમાં ભગવી લહેર ઊભી કરવાનો તખ્તો ગોઠવી લીધો છે. આંદોલનકારી પાટીદાર, દલિત સમાજ અને ઠાકોર ક્ષત્રિય સમાજને હાથ પર લેવા મોટી મંત્રીમંડળના વગદાર સિનિયર સભ્યો ઉજાગર કરી રહ્યા છે. હવે ગુજરાતને કોઈ આકડે મધ માની લેશે તો એને ભૂલ ભારે પડવાની છે. આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ દિલ્હીમાં જ વિલાવા માંડ્યું છે અને ગોવા તેમજ પંજાબમાં એને પોતાની હેસિયતનું ભાન થઈ ચૂક્યું છે. ગુજરાત શરૂથી ત્રીજા પરિબળ મુદ્દે સાનુકૂળ નથી. શરદ પવાર અને પ્રફુલ્લ પટેલે નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીની શક્યતાઓ માટે ગુજરાતની ખેપ ખેડી પણ તેમાં કશી ભલીવાર ન આવી. આમ આદમી પાર્ટીએ પણ પાટનગર ખાતે જ 'આઝાદી સંમેલન' બોલાવ્યું હતુ. પણ એમાં ખુદ કેજરીવાલ ગેરહાજર રહ્યા. ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની આખરી લડાઈ જેવી બની રહેશે. કોંગ્રેસે પૂરી તાકાત કામે લગાડી દેવાના મૂડમાં છે અને એ માટે એણે તૈયારીઓ પણ આરંભી દીધી છે. કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ફૂટી ગયેલી કારતૂસોને વીણી વીણીને બાજુએ મૂકવાની રજૂઆત કરી છે. તે ઉમેદવારોની પસંજગીમાં જીતી શકે એવા જ ઉમેદવાર પર મ્હોર મારવા સંદર્ભે છે. જો કોંગ્રેસ ખરા દિલથી જીતવા માટે જ જંગે મેદાનમાં ઊતરશે તો ભાજપને ઉત્તરપ્રદેશમાં મળેલ વિજયની પોઝિટિવ અસર છતાં એની મર્યાદાઓ નડી શકે છે. આખરે ગુજરાત કોંગ્રેસ માટે તો આ કમબૅક માટેની છેલ્લી તક જ છે. પાંચ વર્ષ પછીની ચૂંટણીમાં સિનારિયો અને ચહેરા - બધું જ બદલાઈ ગયું હશે.

## મહેનત કરવાથી ઘણું કમાઈ શકાય છે ...ચાંદલો કે દહેજ મળશે તેનાથી કંઈ જિંદગી જવાની નથી



નવાં કલેવર
નટવર હેડાઉ

ગામઠી શાળામાં ભણતા તે સમયના મિત્રો રંકપાલ અને ખુશાલ પોતપોતાના અલગ અલગ ધંધા અને વ્યવસાય તેમજ દૂર દેશાવર ફરતા હોવાથી પત્ર દ્વારા પણ કયારેય મિત્રધર્મ નિભાવી શકતા ન હતા. ખુશાલને બે પુત્રો હતા. બંને પરણેલા હતા અને પોતાની ઘરની જ કરિયાણાની દુકાનો સંભાળતા હતા. આવક બહુ નહોતી પણ ઓછી હતી એમ પણ ન કહી શકાય.

રંકપાલને ફક્ત એક દીકરો હતો. જે છેલ્લા ચાર પાંચ વરસથી સરકારી શાળામાં શિક્ષકની નોકરી કરતો હતો અને સાથોસાથ વહીવટી સેવામાં ઉચ્ચ હોદ્દો મેળવવા માટે સંઘર્ષ કરતો હતો. કદાચ તેથી જ તે હજુ સુધી કુંવારો હતો.

પોતપોતાના સંસારમાં ગુંથાયેલા બંને મિત્રો વચ્ચે આ વખતે સંજોગવશ ચેટીચાંદના તહેવારમાં મળવાનું થયું. મળ્યા એટલે બંને વચ્ચે આડીવળી ઘણી વાતો થઈ. તેમાં આત્મીયતા બતાવતા કુટુંબ કબિલાની વાત કાઢતા ખુશાલે પુછ્યું, 'અરે, ભઈ રંકપાલ સાંભળવા મળ્યું છે કે તારા દીકરાનો હજુ સુધી કયાંક સંબંધ નથી કર્યો, શું આખી જિંદગી એને કુંવારો રાખવાનો વિચાર છે?'

'ખુશાલ, તું કેવી વાત કરે છે. શું કોઈ બાપ પોતાના દીકરાને કુંવારો રાખવાનું ઈચ્છે ખરો? આપણા વખતની વાત અલગ હતી કે માબાપ જોયા પુછ્યા વગર સંબંધ નક્કી કરી દેતાં. હવે સમય બદલાયો છે. છોકરો અને કુટુંબના બીજાં સભ્યોને પુછ્યાં વિના સંબંધ નક્કી થઈ શખે ખરો કે ? ખરું પુછો તો અત્યાર સુધીમાં અગિયાર માગાં રીજેક્ટ કરી ચૂક્યાં છીએ. કયાંક છોકરી ગમતી નથી તો કયાંક તેના કુટુંબ અંગે વાંધા પડે છે. કયાંક છોકરી ઉંમરમાં નાની પડી તો કયાંક વળી છોકરાના પ્રમાણમાં મોટી હતી. કયાંક ચાંદલાની રકમ બાતે મેળ ન બેઠો તો કયાંક વળી દહેજની લેવડ-દેવડમાં સોદો ફીટ ન બેઠો. કયાંક છોકરા છોકરી વચ્ચે પુરા ગુણ ન મળ્યા. કયાંક છોકરી યોગ્ય ન લાગી. મારો મતલબ એ છે કે ઓછું ભણેલી હતી. આમ કંઈ ને કંઈ અડચણો વચ્ચે આવતી રહી છે. હવે તો જેવી ઝુલેલાલની મરજી. છોકરાનો સંબંધ તો વહેલો મોડો કયાંક ને કયાંક થવાનો જ ને. હવે તું જ કહે શું હું લાલચું છું. લોકો તો મને લોભી કહીને કોણ જાણે કેટલીયે ઉટપટાંગ વાતો કરે છે.'

અધવચ્ચે ખુશાલે તેની વાત કાપતાં કહ્યું 'જો ભાઈ, છોકરાઓના સંબંધ બાંધવામાં બધી શરતો પૂરી થઈ શકે નહીં. બંને પક્ષે થોડી બાંધછોડ કરવી પડે. હવે કોઈ સંબંધ માટે આવે તો આનાકાની કર્યા વગર હા પાડી દેજે. તારો દીકરો પાંત્રીસ વટાવી ગયો છે. તારા દીકરાને કોઈ રીજેક્ટ કરે તે પહેલાં ભલાઈ એમાં જ છે, તારે દીકરાનો બાપ હોવાની ખુમારી અને અકડાઈ છોડવી પડશે.'

સાચી વાત સાંભળી રંકપાલનો ચહેરો મુરઝાઈ ગયો. તે વિચારવા લાગ્યો. 'અરે, આ વિચાર તો મારા મગજમાં આવ્યો જ નહીં કે મારા દીકરાની લગ્નની ઉંમર પસાર થઈ ગઈ છે.' તે ઢીલો પડી ગયો. 'ખુશાલ તારી વાત સાચી છે. કોઈ સારું માગું આવશે તો આ વખતે તરત હા પાડી દઈશ. ના કહી કહીને હવે તો હું પણ થાકી ગયો છું.'

પાછું હજું 'સારા માંગા'ની વાત? અરે, એક બાજુ તો તું મારે મોઢે કહે છે કે શું હું લાલચું છું અને બીજું બાજુ, ભલમનશાહીનો ડોળ કરી, 'સારા માંગાનો હવાલો દઈ હાં પાડવાનું કહે છે? મને તો તારી વાતમાં લાલચની ગંધ આવે છે. તારી પત્ની અને દીકરીને તો હજું હું મળ્યો જ કયાં છું. છતાં મને તો લાગે છેકે અગાઉના બધા માંગાઓમાં સંબંધ ન બંધાવા પાછળ જવાબદાર તારો લોભીયો સ્વભાવ જ છે. મારું કહ્યું માન. હજુ સમય છે. લાલચ છોડ અને છોકરાનો કયાંક સંબંધ મંજૂર કરી લે. શું કામ તારી દીકરાના પગ પર કુહાડી મારવા તૈયાર થયો છું. તારી લાલચને કારણે જો એ કુંવારો રહી ગયો તો તું આખી જિંદગી કોઈને મોં

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પ્રેમ એટલે એકમેકનો આદર અને સન્માન



ગુલમહોર
દિનેશ દેસાઈ

બ્રિટિશ નોવેલિસ્ટ, વાર્તાકાર-નાટ્યકાર જેફરી આર્ચર (જન્મ તા.૧૫ એપ્રિલ, ૧૯૪૦)એ આજે તા.૧૫ એપ્રિલ, ૨૦૧૫ના રોજ ૭૫ વર્ષ-અમૃતવર્ષમાં પ્રવેશ કર્યો. આ નિમિત્તે તેઓએ કહ્યું છે કે "પ્રેમ એટલે પ્રિયજનના સુખમાં આપણું સુખ. પ્રિયજનની ગમતી તમામ બાબત આપણને પણ ગમતી હોય અને પ્રિયજનને નહીં ગમનારી બધી જ બાબત આપણને પણ ન જ ગમતી હોય."

જેફરી આર્ચર લંડન રહે છે. એક સમયે તેઓ નેતા હતા અને કન્ઝર્વેટિવ પાર્ટીના ઉપપ્રમુખ (સને ૧૯૮૫-૮૬) રહી ચુક્યા છે. તેઓ સને ૧૯૬૯થી ૧૯૭૪ સુધી એક ટર્મ માટે બ્રિટનની પાર્લામેન્ટના સભ્ય પણ રહ્યા છે અને બેન્કિંગ-આર્થિક કૌભાંડના આરોપ હેઠળ સને ૨૦૦૧થી ૨૦૦૩ના બે વર્ષ જેલમાં સજા પણ કાપી ચુક્યા છે. તેમની નવલકથાઓની ૨૫૦ મિલિયન કોપીના વેચાણનો વર્લ્ડ રેકોર્ડ છે, એટલે કે તેઓ અંગ્રેજી સાહિત્યના લોકપ્રિય લેખક છે. જેફરી આર્ચને બ્રિટિશ સરકારે "લોર્ડ"નો ખિતાબ પણ એનાયત કરેલો છે.

પ્રેમ અને પ્રેમસંબંધમાં આદર-સન્માનની વાત કરીએ. જેફરીએ મેરી નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. મેરી આર્ચર સાયન્ટિસ્ટ છે અને સૌર-ઊર્જા દ્વારા ઊર્જા બચત ક્ષેત્રે સંશોધન દ્વારા મહત્વનું પ્રદાન કરેલું છે. જેફરી માને છે કે તેના મુશ્કેલ દિવસોમાં મેરીએ તેનો સાથ છોડ્યો નહોતો. જેફરી જે કંઈ પ્રવૃત્તિ કરે એને

**પ્રેમ હંમેશા નિષ્ઠા, ત્યાગ અને સમર્પણ માગે છે, પ્રેમમાં અભિમાન કે કશુંક બતાવી દેવાની ભાવનાને સ્થાન નથી, પ્રેમમાં હંમેશા સન્માન અને આદરને સ્થાન હોઈ શકે, પ્રેમમાં બદલો લેવાની ભાવનાને પણ સ્થાન ન હોઈ શકે**

મેરી ગમાડતી અને તેને પ્રોત્સાહિત પણ કરતી. મેરીએ કોઈ દિવસ પતિની નહીં ગમતી બાબત પ્રત્યે છણકો કર્યો નથી કે તેના પ્રત્યે પોતાનો અણગમો પ્રગટ કર્યો નથી. ચાહવાની બાબતમાં આ મુદ્દો માઉન્ટ એવરેસ્ટ છે, એટલે કે સૌથી ટોચ ઉપરનું મહત્વ ધરાવે છે.

.જ્યારે બે વ્યક્તિ એકમેકને પસંદ કરે છે ત્યારે એકમેકની બધી જ બાબતોમાં ઐક્ય પણ હોવાનું. અથવા એકમેકના શોખ, પસંદ-નાપસંદ, વિચાર વગેરે બાબતો એકમેકને અનુકૂળ આવનારી કે પસંદ આવનારી હોય ત્યારે જ બે વચ્ચે સમજણનો સેતુ રચાય અને મૈત્રી પ્રગટ થાય. મૈત્રીસંબંધ સમય જતા પ્રેમસંબંધમાં પરિણમે એવું બની શકે. પરંતુ દરેક પ્રેમસંબંધ લગ્નસંબંધમાં પરિવર્તિત થાય એવું હંમેશા બનતું નથી. જો બે વ્યક્તિના સ્વભાવ, ગમા-અણગમા, વિચાર, શોખ વગેરે સાવ જ વિરુદ્ધ દિશાના હોય તો એવા ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવનું મિલન કોઈ રીતે શક્ય જ નથી.

પ્રેમ એટલે એકમેકનો આદર અને એકમેક પ્રત્યે સન્માનની ભાવના. જો બે વ્યક્તિ એકમેકને પ્રેમ કરે છે એમ માનતી હોય અને સાથે સાથે બેઉ વ્યક્તિ એકમેક સાથેના રોજબરોજના સંબંધમાં, વાતચીત અને સંવાદમાં, વ્યવહારમાં પોતાનું પદ, પ્રતિષ્ઠા, જાહેર જીવન, ધન-દોલત વગેરેનો ભાર પણ રાખે તો એનો કોઈ અર્થ જ નથી. એવા સંબંધમાં અહંકારની બદબૂ આવતી હોય છે. પ્રેમ હંમેશા નિષ્ઠા, ત્યાગ અને સમર્પણ માગે છે. પ્રેમમાં અભિમાન કે કશુંક બતાવી દેવાની ભાવનાને સ્થાન નથી. પ્રેમમાં હંમેશા સન્માન અને આદરને સ્થાન હોઈ શકે. પ્રેમમાં બદલો લેવાની ભાવનાને પણ સ્થાન ન હોઈ શકે.

સ્ટોપરઃ-

"ખોને કી દહશત ઔર પાને કી ચાહત ન હોતી,
તો ના કોઈ ખુદા હોતા ઔર ના કોઈ ઈબાદત હોતી."

# અલવિદા 'એમ્બેસેડર'...!! બાદશાહી ઠાઠ ભોગવી ચુકેલી ભારતીય કાર યાદોની સફરમાં...!!





Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'હિન્દુસ્તાન એમ્બેડેસર કાર કંપની ૮૦ કરોડમાં વેચાઈ ગઈ' આવા બ્રેકીંગ ન્યૂઝ સાંભલ્યા અને ભારતીય નેતા-અભિનેતાથી લઈ છેક સામાન્ય જનતામાં જાજરમાન સ્થાન ધરાવનાર આ મજબૂત કાર રસ્તા પરથી ઊતરી ગઈ એ વિશેની કેટલીય યાદો મગજમાં દોડતી હતી...

જયારે સાઈકલ સિવાય સ્કૂટર હોવું એ પણ એક અમીર હોવાની નિશાની કે સ્ટેટસ સિમ્બોર હતું એમાં કાર ? અને પણ ખુદના માલિકની? બહોત દૂર કી બાત હતું. ગાડી અને ગેરેજ બંનેમાં હજુ ધંધાની શરુઆત હતી ત્યારે પ્રવાસીઓ માટે માત્ર માર્કેટમાં ત્રણ જ કાર ઉપલબ્ધ હતી. હિન્દુસ્તાન મોટર્સની એમ્બેસેડર, પ્રિમિઅર મોટો મોબાઈલની પદ્મિની અને મહિન્દ્રાની જીપ, આ પૈકી જીપ તો મોટા ભાગે પોલીસ અથવા તો 'અમે બે અમારા બે'ની કુટુંબનિયોજનની જાહેરાતમાં જ દેખાતી.

પ્રિમિયર પદ્મિની કે ફિયાદ તો માત્ર થોડું ઘણું કમાયેલા ડૉકટર કે વકીલ અમથા મિલ માલિક પાસે જોવા મળતી. અને હા મુંબઈમાં એ ગાડી કાળી-પીળી ટેકસીમાં ફરતી... પણ એમ્બેસેડર એટલે એકદમ સફેદ, રાજાશાહી ઠાઠ અને એમાંય જો કોઈ મંત્રીને આપી હોય અને માથે લાલ બત્તી ધારણ કરે એટલે એનો રૂઆબ વધી જતો. ખબર નહીં કેમ પણ ગાડી-ગેરેજ અને ગાડીની ગેમનો ક્રેઝ નાનપણથી જ, એટલે અત્યારે પણ માર્કેટમાં કઈ કંપનીની ગાડી, કેટલાં બજેટમાં આવશે એ જાણવું રસપ્રદ... એટલે એટલું તો સો ટકા કહેવાય કે કારમાં એમ્બેસેડર અને મોટરસાઈકલમાં બુલેટે એમની ઈમેજ અકબંધ રાખી.

કલકત્તામાં સી.કે. બિરલા ગ્રુપે ૧૯૭૫માં હિન્દુસ્તાન મોટર્સની સ્થાપના કરી એમ્બેસેડર બનાવવાની ચાલી કરી. એની ડિઝાઈન, સ્પેસ અને રૂઆબની પહેલેથી જ 'ભારતીય રસ્તાઓનો રાજા' કહેવાઈ. નહેરુથી બચ્ચન અને છેક છેલ્લે બાજપાઈ અને હજુ મમતા બેનર્જી આ એમ્બેસેડરમાં સવાર થાય છે!

**'એ પધારે, કે પછીએ ના પધારે,**
**યાદો ને, કો' બારણા તો ના પછાડે.**
**હું ગમાડું છું તને, છે કારણો પણ;**
**એક દે કારણ કાં મુજને ના ગમાડે.'**
**- પાગલ કોઈન્તિયાલ્વિ**

આ એમ્બેસેડર સફેદ રંગમાં નેતાની રાણી બની, લીલા રંગમાં મિલટ્રીના જનરલની સેનાની બની, કાળો રંગ ધારણ કરી નેવીના એડમિરલની માનીતી બની તો પોલીસ કમિશ્નર અને ઉચ્ચ અધિકારીઓ માટે દૂધિયો રંગ ધારણ કરી સાથ આપતી રહી.

એમ્બેસેડર પછી ટેક્સીમાં પણ આવી હતી. એના સ્ટીયરીંગમાં આપેલા ગિયરને કારણે એની બાજુમાં બેસનાર માટે પૂરતી સ્પેસ મળતી. આમ તો મોટેભાગે આ કાર ડ્રાઈવર ચલાવે અને માલિક અથવા અધિકારી પાછલી સીટ પર બેસે એવો શિરસ્તો હતો. એક અંદરની ખાનગી વાત આ ગાડીમાં ડ્રાઈવર એમના અધિકારી બહારગામ હોય ત્યારે એમ્બેસેડર ઘરે લાવતાં અને સોસાયટીના લોકોને બેસાડી સહેલ કરાવતાં!

એ જમાનામાં વાહન ઉદ્યોગમાં અમુક પરિવારોની હકુમત હતી. સ્પર્ધા જરાય નહોતી. નવીનતા કઈ મળતી નહીં. અને ઉપરથી સરકારનું દરબારનું 'પરમિટ રાજ' હતું. એટલે ગ્રાહકને રૂપિયા આપતાય બે-ચાર મહિના લાઈનમાં લાગવું પડતું. અને ગાડી સિવાય અન્ય કોઈ સેવા મળે જ નહીં. બરાબર એ સમયગાળામાં સંજય ગાંધીએ ગ્રાહકોનું હિત વિચારતાં મારૂતિ કારને ભારતમાં લાવવાનું સપનું દેખાડ્યું. મને બરાબર યાદ છે કે એ વખતે ૧૯૮૦માં આ મારૂતિ - ૮૦૦ને ૪૭ હજાર રૂપિયામાં મળશે એવી વાતો અખબારોમાં છપાઈ હતી.

ભારતે ૧૯૮૩માં ક્રિકેટનો વર્લ્ડકપ જીત્યો અને એ જ વર્ષે મારૂતિ ૮૦૦ એટલે કે ફ્રન્ટી ભારતમાં આવી અને ત્યારથી આ એમ્બેસેડરના વળતા પાણી શરૂ થયા. બીજું આ કારના ઉત્પાદકોએ જમાના પ્રમાણે ખાસ કોઈ મોટા ચેન્જ કર્યા નહી એટલે જેમ ફિલ્મો આવતાં નાટકની હાલત થઈ એમજ એમ્બેસેડર ડચકાં ખાવા લાગી.

મારૂતિ આવ્યા બાદ એમ્બેસેડરે ૧૫૦૦ સીસી સાથે ડિઝલ ગાડી મેદાનમાં ઉતારી. એ ભારતની પ્રથમ ડિઝલ કાર બનવાનું સન્માન મેળવી ગઈ. પેટ્રોલના ભાવ ફેર કારણે એની થોડી ડિમાન્ડ આવી ખરી પણ મારૂતિ સામે તેઓ લાચાર બન્યાં. એમણે હાથના ગિયર નીચે શિફટ કર્યા, ગિયર બોક્સ, બંપર, હેડલાઈટ, પાવર સ્ટીયરીંગ, ડેશબોર્ડ બધું બદલ્યું પણ મૂળભૂત ડિઝાઈન તો એ જ રાખી અને એટલે આ બધું કર્યા બાદ પણ એમ્બેસેડર એનું વેચાણ વધારી શકી નહીં.

૨૦૧૪ના વર્ષમાં હિન્દુસ્તાન મોટર્સે એની છેલ્લી ૨૫૦૦ એમ્બેસડર કાર સરકારી ઑફિસ અને ટેક્ષીને પડતર કિંમતે વેચીને એમનો કારોબાર આટોપી લીધો. અને સાથે જ લગભગ સાત દાયકા સુધી રસ્તા પર શાહી ઠાઠથી ફરતી એમ્બેસેડર રસ્તા પરથી ઊતરી ગઈ. એક હિન્દુસ્તાની મોટર્સ યુગનો અસ્ત થયો. એમ્બેસેડર એ ભારતીય મર્સિડિઝ પણ કહેવાતી. દરેક રાજયની વિધાનસભા અને ધારાસભા માટે બોનેટવાળી - લાલ લાઈટવાળી આ એમ્બેસેડરે એક આખો યુગ છાતી કાઢીને જીવ્યો છે, ત્યારે આજે એને કાર ચાહકો ભારે હૈયે અલવિદા એમ્બેસેડર કહીને ગુડબાય કરે છે!

**ચૂંટલો** : ભારતીય કાર માર્કેટમાં અત્યાધુનિક વિવિધ બ્રાંડની કાર મળતી થઈ છે. એના શો રૂમ અને જાહેરાતો એમની કાર લેવા લલચાવે છે... આ બધું હોવા છતાં ભારતીય યુગ આથમ્યો પણ એની 'યાદો કી સફર' તો થતી જ રહેવાની.

**હેલ્લો ફ્રેન્ડસ,**

**'હેલ્લો જિંદગી' થી શરુ થઈ, ચિનુ મોદી 'ઈર્શાદ' વચ્ચેના આ વર્ષની લેખમાળામાં બે રૂપિયામાં બાલ્કની, દંગલ અને છેક છેલ્લે 'પત્નીના પ્રેમમાં પડાય?' જેવા વધુ પંચાયેલા - વખણાયેલા લેખ સાથે 'ગાંધીનગર સમાચાર'ની આ કોલમનો છઠ્ઠા વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે.**

**ગયા વર્ષે 'હેલ્લો ફ્રેન્ડ્સ!' એના ૪૩ લેખો સાથે બે પૂંઠા વચ્ચે પેક થઈ પુસ્તક રૂપે પ્રકાશિત થવાનો અવસર પણ આપના આશિર્વાદથી ઉજવી ચૂક્યું છે.**

**સોશિયલ મીડિયાની મહેરબાનીથી આ કોલમે હવે એનો વ્યાપ અને વાંચકો વધાર્યાનો ગૌરવ તમે સૌ લઈ શકો છો. મજાની વાત એ છે કે પાંચ વર્ષ પહેલાં વિચારેલું હવે સાર્થક થાય છે અને યુવાનો આ વધુ વાંચતા થયા છે.**

**સળંગ ૨૬૦ હપ્તાની મેરેથોન ઈનિંગમાં તમારા સૂચનો-શુભેચ્છાઓ લખનારને એલર્ટ મોડ પર રાખે છે... મોદીથી મીડિયા અને યોગીથી ઉપયોગી સુધીના વિષયો સાથે અવિરત દર બુધવારે આપણે મળતા રહીશું.**

**- સંજય થોરાત**